મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૬૮ ટકા
ગાંધીનગર તાપમાન

દારૂની હેરાફેરી પર જિલ્લા પોલિસનો સપાટો

ખીચોખીચ દારૂ-બિયર ભરેલા ચાર વાહનો પકડાયા : એલ.સી.બી., એસ.ઓ.જી., ડભોડા અને ચિલોડા પોલિસે મળીને ૨. ૧૩.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પાંચની ધરપકડ કરી : ત્રણ વોન્ટેડ

ગાંધીનગર, તા.૩૦

ચૂંટણી અનુસંધાને ગાંધીનગર જિલ્લા પોલિસ વડાની કડક સુચનાને પગલે જિલ્લા પોલિસે દારૂ-બિયરની હેરાફેરી પર સતત વૉચ રાખી ખાનગી બાતમીઓ મેળવવાનું શરુ કરી દીધું છે. ગઈ કાલે સે-૭ પોલિસે વાવોલ ગામમાંથી દારૂ ભરેલી હોન્ડા સીટી ગાડી પકડયા બાદ જિલ્લાની પોલિસે દારૂ-બિયરની હેરાફેરી ઉપર સપાટો બોલાવી દીધો છે. એલ.સી.બી., એસ.ઓ.જી., ડભોડા અને ચિલોડા પોલિસે ખીચોખીચ દારૂ-બિયર ભરેલા ચાર વાહનો પકડી રૂ. ૧૩.૨૫ લાખના મુદ્દામાલ સાથે પાંચની ધરપકડ કરી લીધી છે. જયારે ત્રણ ફરાર છે.

મળતી મહિતી મુજબ ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમે બાતમીને આધારે દહેગામના નીલકંઠ છાપરા-રખિયાલ રોડ પર વૉચ ગોઠવીને જીજે ૧૮ એસ ૮૯૦૬ નંબરના બાઈક પર ૧૪ બોટલ વિદેશી દારૂ લઈને જતા રણજીત દિના ઠાકોરને દબોચી લીધો હતો. રણજીત તેના ભાઈ જયદેવ ઉર્ફે ભયલુ સાથે મળીને દારૂનો વેપલો કરે છે. એલસીબીએ રૂ.૨૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે તો બીજી તરફ ડભોડા પીએસઆઈ એલ.એસ. ચૌધરી તથા તેમની ટીમે બાતમીને આધારે રણાસણ સર્કલ પાસે વૉચ ગોઠવીને નાકાબંધી કરી જીજે ૦૬ ઈડી ૦૨૯૦ નંબરની ઝાયલો ગાડી પકડી પાડી હતી તેમાંથી ૨૨૮ નંગ વિદેશી દારૂની બોટલ અને ૩૫૪ બિયરના ટીન મળી આવ્યા હતા. અરવલ્લીના ભિલોડા ખાતેના નેરીયુસ ઉર્ફે લાલો નગજી ડામોર

અને મનોજ રમેશ નિનામાની દારૂ-બિયર તથા કાર મળી કુલ રૂ. ૪,૭૯,૬૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ડભોડા પોલિસે ઉંડી પુછપરછ શરુ કરી છે. તે ઉપરાંત ચિલોડા પીઆઈ નિરજ પટેલની ટીમે બાતમીને આધારે સાદરા પાસે વૉચ ગોઠવી હતી. બાતમીવાળી એકસેન્ટ ગાડી નં. જીજે ૧૮ એઝેડ ૩૮૦૯ ત્યાંથી પસાર થતા તેનો પીછો કરતા ગાડી નદી તરફ દોડાવી મુકી હતી. પોલિસે તેનો પીછો કરતા રસ્તામાં ગાડી મુકી આરોપી ભાગી ગયો હતો. પોલિસે તપાસ કરતાં ગાડીની અંદરથી ૯૪૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલિસે કાર સહિત રૂ. ૪,૯૪,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમે બાતમીને આધારે નેશનલ હાઈવે નંબર ૮ ઉપર ધણપ ગામની સીમ પાસે ક્રિષ્ણા હોટલ સામે વૉચ ગોઠવી હતી. બાતમીવાળી સ્કોર્પીઓ ગાડી નં. જીજે ૧ આર.એચ. ૦૩૧૩ પકડી પાડી અંદર તપાસ કરતા ૬૦ બોટલ વિદેશી દારૂ અને ૮૧૬ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. એસઓજીની ટીમે રૂ. ૩,૧૩,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી અરવલ્લીના ભિલોડા પંથકના મહેશ કમજી અસારી અને બિપીન ચંદુ ડામોરની ધરપકડ કરી લીધી હતી. આ ગુનામાં અમદાવાદ સાણંદનો ઘનશ્યામ ડોજીરામ યાદવ વોન્ટેડ છે. આમ ગાંધીનગર એસઓજી, એલસીબી, ચિલોડા અને ડભોડા પોલિસે મળીને અલગ અલગ સ્થળેથી ત્રણ ગાડીઓ અને એક બાઈક મળી ચાર વાહનો ભરીને

દારૂ-બિયરનો જથ્થો હેરાફેરી કરતા પકડી પાડયો છે. ચારેયે મળીને રૂ. ૧૩,૨૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને પાંચની ધરપકડ કરી છે જયારે ત્રણ વોન્ટેડ છે. અન્ય આરોપીઓ અંગે ઉંડી તપાસ ચાલી રહી છે.

@ગાંધીનગર

● વી કેર ફાઉન્ડેશન દ્વારા સવારે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન યોગા, મેડીટેશન, પ્રાણાયામ કાર્યક્રમ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, ઘ-૪ સરદાર પટેલની પ્રતિમા પાસે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના શ્રીમતી મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો શ્રીમતી કાન્તાબેન જી. ઓઝા, સેકટર-૮, પ્લોટ નં. ૮૨૪/૧, ચર્ચની સામે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ ઉજવણી કરાશે અને ભારતના દિવંગત વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરાજીના શહિદ દિન નિમિત્તે સવારે ૯.૩૦ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય પ્લોટ નં. ૩૧૫, સે-૨૨-ગાંધીનગર ખાતે પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાશે.

રન ફોર યુનિટી કાર્યક્રમમાં બે હજાર નાગરિકો જોડાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ખાતે ઘ-૪ પાસે સેન્ટ્રલ વિસ્ટા ખાતે આવેલી સરદાર વલ્લભાઈ પટેલની પ્રતિમાથી વિધાનસભા સુધી રન ફોર યુનિટીનો કાર્યક્રમ તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૭ના રોજ સવારના ૭.૦૦ કલાકે યોજાશે. આ રેલી સેન્ટ્રલ વિસ્ટા ખાતે સરદાર પટેલની પ્રતિમાથી ટાઉનહોલ થઈને વિધાનસભા પ્રટાંગણમાં મહાત્મા ગાંધીની પ્રતિમાએ પુરી થશે.

સરદાર વલ્લભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે રન ફોર યુનિટી કાર્યક્રમના આયોજન માટે યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનર શ્રી એમ.એ.ગાંધીના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. ઘ-૪, સેન્ટ્રલ વિસ્ટામાં આવેલી સરદાર વલ્લભાઈ પટેલની પ્રતિમા પાસેથી શરૂ થનાર રન ફોર યુનિટીને રાજયના મુખ્ય સચિવ શ્રી જે.એન.સિંગ લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવશે. આ પહેલા તેઓ રાષ્ટ્રીય એકતાના શપથ પણ લેવડાવશે. આ પ્રસંગે પોલીસ બેન્ડ અને બી.એસ.એફ.ના બેન્ડ દ્વારા સંગીત - સુરાવલીનો અનેરો કાર્યક્રમ પણ યોજાશે. રન ફોર યુનિટીમાં શાળાના બાળકો, શિક્ષકો, બી.એસ.એફના જવાનો, પોલીસ, રમતવીરો અને સાંઈ તથા નહેરૂ યુવા કેન્દ્રના મળી કુલ- ૨૦૦૦ લોકો જોડાશે. વિધાનસભા પટાંગણમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે સમાપન પ્રસંગે સ્વચ્છતા અંગે પણ શપથ લેવડાવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રન ફોર યુનિટી કાર્યક્રમમાં શહેરીજનોને વિશાળ સંખ્યામાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ. જાડેજા સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઈન્ફોસીટી ખાતે નાઈટ વૉબીબૉલ ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે નાઈટ વૉબીબૉલ ટૂર્નામેન્ટનું આયોજન કરાયું હતું. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતના વિવિધ સ્થળોએથી કુલ ૨૬ ટીમોએ ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટમાં સુરતની મહાદેવ ટીમ વિજેતા બની હતી જયારે અમદાવાદની સૂર્યા-૧ ટીમ ફર્સ્ટ રનર્સ અપ અને ગાંધીનગર ઈન્ફોસીટી-એ ટીમ સેકન્ડ રનર્સઅપ સ્થાને રહી હતી. ટૂર્નામેન્ટનું આયોજન ઈન્ફોસીટી વૉબીબૉલ કલબ દ્વારા કરવામાં આવ્યું હતું.

વૉબીબૉલની રમત યુવા વર્ગમાં ખુબ લોકપ્રિયતા ધરાવે છે. ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે યોજાયેલ નાઈટ શુટિંગ વૉબીબૉલ સ્પર્ધાને ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો અને તેમાં સુરત, અમદાવાદ સહિત અનેક સ્થળોએથી વિવિધ ટીમોએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરમાંથી પણ કુલ પાંચ ટીમોએ ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટ તા. ૨૮મી ઓકટોબરે રાત્રે ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટના ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. જેમાં ફાઈનલ મેચમાં સુરતની મહાદેવ ટીમ તથા અમદાવાદની સૂર્યા-૧ ટીમ ટકરાઈ હતી. જેમાં સુરતની મહાદેવ ટીમ વિજેતા બની હતી. ટૂર્નામેન્ટને નિહાળવા મોટી સંખ્યામાં યુવા ચાહકો ઉપસ્થિત રહ્યા હતા.

વાતવાતમાં

● ચુંટણીના માહોલમાં ધીમે ધીમે ગરમાવો આવી રહ્યો છે અને ચાની કિટલીઓ, પાનના ગલ્લે કે સોસાયટીના નાકે ગરમાગરમ ચર્ચાઓ થતી જોવા મળે છે. આ સાથે નૂતનવર્ષમાં એકબીજાના ઘરે મળવા જતા નાગરિકો પણ ચા-નાસ્તા સાથે રાજકીય સમીકરણોની ચર્ચાઓ કરતા જોવા મળી રહ્યા છે.

● બાળકોમાં કબડ્ડીની રમત લોકપ્રિય હોવાથી પ્રો-કબડ્ડીની ફાઈનલમાં ગુજરાતની ટીમની હારથી નિરાશા ફેલાવા પામી હતી. જો કે બીજા દિવસે ક્રિકેટમાં ભારતની ટીમે ન્યુઝિલેન્ડને હરાવી શ્રેણી જીતી લેતા બાળકોમાં ઉત્સાહ વ્યાપ્યો હતો અને ફટાકડા ફોડી આ વિજયને વધાવ્યો હતો.

સિવિલમાં દર્દી અને સગા દ્વારા સ્ટાફ સાથે ગેરવર્તણુંક

ગાંધીનગર, તા.૩૦

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા આરોગ્યલક્ષી સેવાઓમાં વધારો થવા પામ્યો છે.જેથી સિવિલ હોસ્પિટલ વિવિધ રોગના દર્દીઓથી ઉભરાય છે. ત્યારે આજે બપોરના સુમારે સિવિલના એક વિભાગમાં દર્દી ઉભો હતો. જયારે તેના સગા બહાર ઉભા હતા.તે સમયે દર્દી નડતરરૂપ ઉભા રહેતા સામાન્ય ખસી જવાનું કહેતા દર્દી ઉશ્કેરાઈ ગયો હતો અને બહાર ઉભા રહેલા તેના સગા પણ ઉશ્કેરાઈ ગયા હતા. બંન્ને લોકોએ બપોરના સુમારે સિવિલ માથે લીધી હતી.અંતે સિવિલ તંત્રએ કાયદેસર કાર્યવાહીની ચિમકી ઉચ્ચારતા દર્દી અને તેનો સગો ઢીલા પડી ગયા હતા. બાદમાં સિવિલ તંત્રના અધિકારીઓની હાજરીમાં માફીપત્ર લખી આપતા તેઓને જવા દેવાયા હતા. આ પ્રકારના કિસ્સાને પગલે સ્ટાફના કર્મચારીઓની સુરક્ષા સામે પણ પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે બપોરના સુમારે દર્દી અને તેના સગા લેબ વિભાગમાં સેમ્પલ આપવા આવ્યા હતા. લેબમાં દર્દીઓન ધસારો હોવાથી લાઈન બહુ લાંબી હોય છે ત્યારે ઈમરજન્સી હોય તેવા દર્દીઓને લેબ વિભાગ દ્વારા પ્રાથમિકતા પણ આપવામાં આવે છે. બાકી લાઈનમાં જ દર્દીઓને સેમ્પલ આપવાના હોય છે. તે પ્રકારે જ લેબ વિભાગ કાર્ય કરે છે.જેથી બપોરના સુમારે આવેલ દર્દી લેબમાં સેમ્પલ આપવા ગયા હતા અને તેમના સગા બહાર ઉભા હતા. દર્દીને ખુરશીમાં બેસાડવામાં આવ્યા હતા.તે સમયે તેમના સગા અંદર જઈને નડતરરૂપ ઉભા રહેતા સ્ટાફના કર્મચારીઓએ થોડા દુર ઉભા રહો તેઓનો નંબર આવશે એટલે સેમ્પલ લઈએ છીએ. બસ આટલું બોલતા જ દર્દીના સગા ઉશ્કેરાઈ ગયા હતા અને લેબના ટેકનીશીયન અને સ્ટાફ સાથે ગેરવર્તણુંક કરી હતી. થોડા સમય માટે હોહા કરીને સિવિલ માથે લીધી હતી. જયારે સગાએ અસભ્ય ભાષામાં વાત કરતા સ્ટાફના કર્મચારીઓમાં રોષ જોવા મળ્યો હતો. તેઓએ તાત્કાલીક કાયદેસરની કાર્યવાહી કરવાનું કહેતા દર્દી અને સગા ઢીલા પડ્યા હતા. દર્દીએ સગાને બધાની વચ્ચે ગેરવર્તણુક માટે ઠપકો પણ આપ્યો હતો. સિવિલના ઉચ્ચ અધિકારીઓને વાત કરતા તેઓએ માફીપત્ર લખાવી દર્દી અને સગાને જવા દીધા હતા. પરંતુ જેમ જેમ સિવિલ મોટી થતી જાય છે, દર્દીઓનો ધસારો રહે છે તેવા સમયે આવા કિસ્સા સિવિલમાં બનતા હોય છે. જેને પગલે સિવિલના કર્મચારીઓની સલામતી સામે પણ પ્રશ્નો ઉભા થયા છે.

હેડ પોસ્ટ ઓફિસની નિષ્કાળજીથી સિનિયર સિટિઝન દંડાયા

ગાંધીનગર, તા.૩૦

પાટનગરના એક સિનિયર સિટિઝન રહીશે તેઓની સિનિયર સિટિઝન યોજના હેઠળ પાકતી મુદતની રકમ તથા વ્યાજ બચત ખાતામાં જમા કરીને મુદ્દલ રકમનું પુનઃ રોકાણ કરવા માટે હેડ પોસ્ટ ઓફીસનો ચેક આપેલ હતો. પરંતુ પોસ્ટખાતાના જવાબદાર કર્મચારીની નિષ્કાળજીથી સદર ચેક ૧૦ દિવસ બાદ જમા કરાયો પરિણામે વ્યાજ ગુમાવવું પડયું. સિનિયર સીટીઝનને રીક્ષાભાડા સાથેના ધક્કા ખાવા પડયા. જે અંગે પોસ્ટ સત્તાવાળાઓને રજુઆત કરવામાં આવેલ છે.

લિમ્બચ માતાજી મંદિર સે-૧૩ ખાતે અન્નકુટ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા શ્રી લિમ્બચ માતાજી મંદિર, સેકટર-૧૩-ગાંધીનગર ખાતે તા. ૪-૧૧-૨૦૧૭ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે અન્નકુટ સાથે આરતી, બપોરે ૧.૦૦ કલાકે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા સાંજે ૬.૦૦ કલાકે ૨૫૦૦ દીવા સાથે મહાઆરતી તેમજ અન્નકૂટ પ્રસાદ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૩-એ ન્યુમાં ઝાડી સાફ કરવા રજુઆત

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૩-એ ન્યુમાં છેલ્લા કેટલાય સમયથી સફાઈ કામગીરી થતી નથી. કચરના ઢગ ખડકાયા છે. વારંવાર રજુઆત કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. વનખાતામાં અરજીઓ કરી રજુઆત કરવા છતાં વનખાતાના હસ્તકની ઝાડીઓમાં પણ કોઈ સફાઈ થતી નથી. ઘ-૧ થી ગ-૧ સુધીના વિસ્તારમાં રહેતા વસાહતીઓને ખુબ પરેશાની થાય છે. રાત્રિના સમયે જીવજંતુઓનો ત્રાસ વર્તાય છે તો ઉપરોકત બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવા વનખાતાને વિનંતી કરવામાં આવી છે.

ચિરવિદાય

● સ્વ. કૈલાસબેન રામભાઈ બજાણીયા, ઉ.વ. ૫૫

જન્મદિને વધામણી

ખંજન અમિત ભાટીયા
મો. ૮૦૦૦૩૬૧૪૧૮

નેન્વી ગૌતમકુમાર અમીન
મો. ૯૭૨૩૨૭૫૧૫૧

યશ તુષાર જાની

રાણી કી વાવ અને સૂર્યમંદિર નિહાળી પીડીપીયુનું એનસીસી યુનિટ પ્રભાવિત

પીડીપીયુના સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝના એનસીસી યુનિટના ૫૩૫ વિદ્યાર્થીઓએ બંને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના એનસીસી યુનિટના વિદ્યાર્થીઓ માટે હેરિટેજ સાઈટ વિઝિટ યોજાઈ હતી. આ વિઝિટમાં ૫૩૫ વિદ્યાર્થીઓએ પાટણની રાણી કી વાવ અને મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત લીધી હતી.

પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના એનસીસી યુનિટના વિદ્યાર્થીઓ માટે તા. ૭મી ઓકટોબરે પાટણ ખાતેની ઐતિહાસિક રાણી કી વાવની મુલાકાતનું આયોજન કરાયું હતું. આ ઐતિહાસિક સ્થાપત્યને નિહાળી વિદ્યાર્થીઓ અભિભૂત થયા હતા. આ મુલાકાતમાં જોડાયેલી વિદ્યાર્થીની પંકિત પંડયાએ જણાવ્યું હતું કે 'મને રાણી કી વાવની મુલાકાતથી ખૂબ આનંદ થયો છે અને આ સ્થળ ખરેખર ખૂબ જ અદભૂત અને સુંદર છે. આ મુલાકાતથી મને તેના ઐતિહાસિક મહત્વ અંગે પણ જાણવા મળ્યું છે જે મારા માટે એક અવિસ્મરણીય અનુભવ બની રહેશે.' આજ રીતે તા. ૨૮મી ઓકટોબરે પીડીપીયુના સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝના એનસીસી એકમની મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત યોજાઈ હતી. પુષ્પાવતી નદીના કિનારે સ્થિત આ હિન્દુ સંસ્કૃતિના ઐતિહાસિક સ્થાપત્યને જોઈ વિદ્યાર્થીઓ રોમાંચિત થયા હતા. અનોખી રાઠોડ નામની વિદ્યાર્થીનીએ જણાવ્યું હતું કે 'રાણી કી વાવ અને મોઢેરા સૂર્ય મંદિરની મુલાકાત અમને ગુજરાતના ભવ્ય ઈતિહાસને જાણવા તથા શિખવા માટે ખૂબ ઉપયોગી નિવડશે. એક ગુજરાતી તરીકે મેં અગાઉ કયારેય આ પ્રકારની જાણકારી મેળવી નહોતી, આ મુલાકાતથી મને ગુજરાતી હોવાનો ગર્વ અનુભવાઈ રહ્યો છે.' આ સાથે જુહી શુકલા નામની વિદ્યાર્થીનીએ પણ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે 'આ ઐતિહાસિક સ્થળોની મુલાકાત અમને કરાવવા બદલ હું એનસીસી અને ઓડિટ કોર્સની આભારી છું. જેના કારણે મને આપણા ભવ્ય ઐતિહાસિક વારસાને તથા સંસ્કૃતિને જાણવાની તક સાંપડી છે.' વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક વારસા પ્રત્યે જાગૃતિ આવે તથા તે માટે ગૌરવ સાથે તેમનામાં નવી સ્કીલનો વિકાસ થાય તે હેતુથી આ મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે પ્રો. પ્રદિપ મલિક તથા ડૉ. ઉર્મિ સત્યેન પણ જોડાયા હતા.